# ક્રાન્તદ્રષ્ટા મહાવીરનું અમૂલ્યપ્રદાન—
# અનેકાન્તવાદ

લેખક :– પ્રાધ્યાપક **મલુકચંદ રતીલાલ શાહ,** અમદાવાદ.

મનુષ્યસમાજમાં ઉપસ્થિત થતી ક્રાન્તિ બે પ્રકારની હોય છે. (૧) બાહ્યજીવનને લગતી. (૨) આંતરજીવનને સ્પર્શતી. કૃષિવિદ્યા, વરાળયંત્ર વિદ્યુત વ.ની શોધે માનવજીવનની બાહ્યજીવનને લગતી ચાલુ પરિસ્થિતિમાં અસાધારણ ફેરફારો કર્યા તેથી તે તે શોધના સર્જક ક્રાન્તિકાર કહી શકાય. મનુષ્યના આંતરિક જીવનને લગતી પરિસ્થિતિમાં ક્રાન્તિ સર્જનાર વ્યક્તિઓ પણ યુગોથી દરેક દેશમાં જન્મતી આવી છે કે જેમના અસાધારણ પુરુષાર્થના પરિણામરૂપ આજનો વિકાસશીલ માનવ છે. પેલેસ્ટાઈનના ક્રાઈસ્ટ, અરબસ્તાનના મહંમદ, ગ્રીસના સોક્રેટિસ, ચીનના કોન્ફ્યુસીયસ, જર્મનીના માર્ટિન લ્યુથર, રશિયાના લેનિન, તુર્કના કમાલપાશા, ભારતના બુદ્ધ, મહાવીર, ગાંધી વ. આ પ્રકારના ક્રાન્તિકારી મહાપુરુષો કહી શકાય. આવા ક્રાન્તિકારના સર્જનમાં જે તે દેશનાં પ્રજા-સમાજ અને સંયોગોનો પણ ચોકકસ ફાળો હોય છે.

ભગવાન મહાવીરનું ક્રાન્તિકારિત્વ સમજવા માટે તેમના સમયની પરિસ્થિતિ જાણવી જોઈએ. તે સમયે ઉચ્ચનીચના ભેદ પ્રબળ હતા. સર્વજ્ઞાન માત્ર વેદમાં જ છે અને એ વેદાધ્યયનનો અધિકાર કેવળ બ્રાહ્મણોને જ છે એમ બ્રાહ્મણવર્ગની શિરજોરી સાથે બૌદ્ધિક ગુલામી પ્રવર્તતી હતી. યજ્ઞ અને બાહ્ય કર્મકાંડમાંજ મોક્ષની ઉપાસના સમાઈ જતી હતી. માંસાહાર વધતો જતો હતો અને ધર્મને નામે યજ્ઞમાં પશુહિંસા વધતી જતી હતી. સ્ત્રીને કોઈ હકક ન હતા. આવી પરિસ્થિતિ સામે બળવો પોકારનાર બે મહાપુરુષો પાકયા તે બુદ્ધ અને મહાવીર. બુદ્ધે વહેમ, અજ્ઞાન અને હિંસાને પોષતા યજ્ઞો સામે વિરોધ કર્યો, અને જો વેદ તેવા યજ્ઞોને ટેકો આપતા હોય તો તેનું પ્રામાણ્ય માનવાની સ્પષ્ટ ના પાડી દીધી. બાહ્ય કર્મકાંડ અને યજ્ઞોની સામે તેમણે તપશ્ચર્યા અને અંગત ચારિત્ર્યશુદ્ધિનો મંત્ર આપ્યો. વર્ણાશ્રમની ઉચ્ચનીચના ભેદની કૃત્રિમ દીવાલો તોડી નાખીને મહાવીરે બ્રાહ્મણ અને શુદ્રને એક સરખું સ્થાન આપ્યું.

पिता रक्षति कौमारे भर्त्ता रक्षति यौवने ।
रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति ।। મનુસ્મૃતિ.

એમ અવહેલના પામેલી નારીજાતિને પુરુષજાતિ જેટલું જ ગૌરવ અર્પ્યું. જૈનસંઘના ચાર અંગોમાં પુરુષસમોવડી તેને સ્થાયી અને ભગવાન બુદ્ધ પણ સ્ત્રીને જે સ્વતંત્રતા આપતા અચકાતા હતા તે 'સાધ્વી' સંસ્થા શરૂ કરવાની પહેલ મહાવીરે કરી અને ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી. લોકોની ભાષામાં જ – અર્ધમાગધી ભાષામાં જ પોતાનો ઉપદેશ આપીને જનતાજનાર્દનનું ગૌરવ કર્યું. તેથીયે વિશેષ તો આજની લોકશાહીને અનુરૂપ તીર્થંકરોનું અને મહાવીરનું સહુથી મોટું સમાજવાદી કાર્ય તે તેમની ઘોષણા–કે મનુષ્યમાત્ર સમાન છે એટલે કે દરેક મનુષ્ય પરમાત્મા થઈ શકે છે જેની દેવો પણ પૂજા કરે છે.

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ।।

આમ 'મનુષ્યથી કાંઇ શ્રેષ્ઠ નથી' नमानुषात् श्रेष्ठतरं हि किञ्चित् (શાન્તિપર્વ ૨૯૯–૨૦) એ મહાભારતના સૂત્રવાકયને ચરિતાર્થ કરવાનું શ્રેય તો આ રીતે મહાવીરને જ જાય છે. आत्मवत् सर्वभूतेषु ની દૃષ્ટિવાળા મહાવીરે જગત અને જીવ પ્રત્યે સામ્યદૃષ્ટિ–સમત્ત્વવૃત્તિ કેળવવાનો પોતાના વર્તન અને વાણીથી ઉપદેશ આપ્યો. મહાવીરની આ સામ્યદૃષ્ટિના આગ્રહમાંથી આચારક્ષેત્રે અહિંસા જન્મી અને વિચારક્ષેત્રે તેના પરિણામસ્વરૂપ અનેકાન્તવાદ તેમને પ્રાપ્ત થયો. બધા ધાર્મિક સંપ્રદાય વધતા ઓછા અંશે અહિંસાની શીખ આપે છે તો ખરા પરંતુ માનવ, પશુ, વનસ્પતિ ઉપરાંત પૃથ્વી, પાણી, અગ્નિ વ. ના સૂક્ષ્મજીવોની હિંસાથી પણ બચવાની સૂક્ષ્મ અહિંસાની વાત તો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર અને જૈનધર્મ જ વદે છે. બીજાની લાગણી દુઃખાય તેવા વાણી વર્તન એ પણ હિંસા જ છે. એ પ્રકારના સૂક્ષ્મ અહિંસાના ચિંતનના ફળ સ્વરૂપે, સત્ય અને અન્યનું મન ન દુભાય એ દૃષ્ટિએ નિર્દોષ અને સત્યથી યુક્ત સ્યાદ્વાદની વસ્તુસ્વરૂપને વર્ણવવાની કથનશૈલી મહાવીરને સૂઝી આવી. સાચું તે મારું એમ નહીં પરંતુ મારું તે સાચું એવી સંકુચિત વિચારપદ્ધતિથી, વિશ્વયુદ્ધની સમીપે વિશ્વને ઘસડી ગયેલા દેશોને માટે મહાવીરનું વિશ્વશાન્તિમાટે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે આ અમૂલ્ય પ્રદાન છે.

અનેકાન્તવાદ એ એક દૃષ્ટિ છે જે સત્યના આધારે ઊભી છે. જેમ કેટલાક અંધપુરુષો હાથીના ભિન્ન ભિન્ન અવયવોને સ્પર્શીને, તે ભિન્ન ભિન્ન અવયવો જેટલો જ હાથી હોવાનું કહીને લડી પડે છે તેવી રીતે દાર્શનિક પુરુષ સત્યના એક અંશને જ જાણી શકે છે અને પછી તે આંશિક સત્યને જ પૂર્ણ સત્ય ઠરાવવાનો આગ્રહ રાખે છે, જે વિવાદ અને વિતંડાવાદનું કારણ બને છે. મનુષ્યની શક્તિ સીમિત હોય છે તેથી કોઈ પણ વસ્તુનું ત્રિકાલાબાધિત યથાર્થ દર્શન થવું મુશ્કેલ હોય છે અને કદાચ થાય તોપણ તેનું યથાર્થ વર્ણન કરવું પણ અતિ મુશ્કેલ હોય છે. આથી વસ્તુનું યથાર્થ દર્શન કરનાર કે અપૂર્ણ દર્શન કરનારને અન્યાય ન થાય તેવી ચિન્તામાંથી મહાવીરને અનેકાન્તદૃષ્ટિ મળી આવી. મધ્યસ્થભાવ, અપ્રમત્તપણે સત્યની જિજ્ઞાસા અને વિવેકબુદ્ધિથી સમન્વય કરવો એ આ દૃષ્ટિનાં મહત્ત્વનાં અંગો છે. અનેકાન્તદૃષ્ટિના ક્ષેત્રમાં નયવાદ અને ભંગવાદ આપોઆપ ફલિત થાય છે. વસ્તુને જે વિવિધ દૃષ્ટિબિંદુથી જોઈ શકાય છે તે દૃષ્ટિબિંદુઓને જૈનદર્શનમાં 'નય' કહે છે. વસ્તુના એક અંશને સ્પર્શે તે 'નય'. ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુ મુજબ એકજ વસ્તુ ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. આ બે વિરોધી દર્શન વચ્ચે સમન્વય સાધવો તે અનેકાન્ત દૃષ્ટિનું સાધ્ય છે. માટે તે દર્શનના ભાવાત્મક અને અભાવાત્મક અંશોને લઈને, સંભવિત વાક્યભંગો રચવામાં આવે છે. મહાવીર આવા સાત સૂચવે છે જેને સપ્તભંગી નય કહે છે.

(૧) स्यात् अस्ति – કથંચિત્ છે.
(૨) स्यान्नास्ति – કથંચિત્ નથી.
(૩) स्यादस्ति च नास्ति च – કથંચિત્ છે અને નથી.
(૪) स्याद् अवक्तव्यम् – કથંચિત્ અવક્તવ્ય છે.
(૫) स्यादस्ति च अवक्तव्यं च – કથંચિત્ છે અને અવક્તવ્ય છે.
(૬) स्यान्नास्ति च अवक्तव्यं च – કથંચિત્ નથી અને અવક્તવ્ય છે.
(૭) स्यादस्ति च नास्ति च अवक्तव्यं च – કથંચિત્ છે, નથી અને અવક્તવ્ય છે.

આ ભંગવાક્યને ઉદાહરણથી સમજીએ : (૧) ઘડો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો? તો કહેવાય કે 'अस्ति' અર્થાત્ सत् (૨) ઘડો પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો? नास्ति અર્થાત્ असत् (૩) ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો? તો કહેવાય કે अस्ति અને नास्ति – सद्असत् (૪) ઘડો એકસાથે બન્ને અપેક્ષાએ કેવો? તો કહેવાય કે अवक्तव्य અર્થાત્ કોઈ શબ્દથી ઓળખાવી ન શકાય તેવો; કેમકે જો सत् કહીએ તો તે કાંઈ બન્ને અપેક્ષાએ નથી. એજ રીતે असत् પણ નથી તેમજ सत् असत् પણ ન કહી શકાય કેમકે બન્ને સંયુક્ત અપેક્ષાએ નથી તો સત્, કે નથી અસત્ તથા એકલા સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સદસત્ નથી, કે એકલા પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ સદઅસત્ નથી એટલે એક સાથે ઉભયની અપેક્ષાએ શું કહેવું એ વિચારણીય બને છે, મતલબકે અવાચ્ય છે. (૫) ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો? તો કહેવાય अस्ति (सत्) અને अवक्तव्य. (૬) ઘડો ક્રમશઃ પરદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો? नास्ति असत् (અને) अवक्तव्य. (૭) ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો? તો કહી શકાય કે अस्ति नास्ति (सत् असत्) અને अवक्तव्य.

સારાંશ ઘડામાં અસ્તિત્વ અને નાસ્તિત્વ (સત્ત્વ અને અસત્ત્વ) બન્ને ધર્મ રહે છે, પરંતુ જુદી જુદી અપેક્ષાએ રહે છે. જે કાળે સત્ છે તેજકાળે અસત્ પણ છે જ. ભલે પ્રસંગાનુસાર ઘડાને એકલા સત્ કહીએ તો પણ તે સમજણ સાથે જ કે એ અસત્ પણ છે જ, આનો અર્થ એ કે તેને આપણે સત્ કહીએ છીએ તે અમુક અપેક્ષાએ. આ 'અપેક્ષાએ'નો ભાવ સૂચવવા स्यात् પદ વપરાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી રીતે સત્‌અસત્‌ની જેમ મોટો નાનો, ઉપયોગી બિનઉપયાગી વ. લઈને સપ્તભંગી રચીએ ત્યારે જુદી જુદી અપેક્ષાઓ કામ કરે છે તેમ સમજવું જોઇએ. જેમકે ઘડો કુલડીની અપેક્ષાએ મોટો છે પરંતુ કોઠીની અપેક્ષાએ નાનો છે. પાણી ભરવાની અપેક્ષાએ ઉપયોગી છે અને ઘી ભરવાની અપેક્ષાએ નિરુપયોગી છે વ. અપક્ષાનો ઉલ્લેખ હોય કે નહીં પરંતુ સ્યાદ્‌વાદ દરેક કથનને સાપેક્ષ સમજે છે, નિરપેક્ષ નહીં. આ સપ્તભંગીમાં પ્રથમના ચાર ભંગ મુખ્ય છે અને બાકીના ત્રણ તેમાંથી ફલિત થયેલા છે.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં પૂર્વે જે દશ મહાસ્વપ્ન આવેલાં તેનો ઉલ્લેખ ભગવતીસૂત્રમાં છે. તેમાંનું ત્રીજું સ્વપ્ન આવું છે.

**एगं च णं मह चित्तविचित्त पक्खगं पुंसकोइलगं सुविणे पासित्ता णं पडिबुद्धे ।।**

(ભગવતી શતક ૧૬, ઉદ્દેશક ૬) એટલે કે એક મોટું ચિત્રવિચિત્ર પાંખવાળું પક્ષી સ્વપ્નમાં જોઈને તેઓ પ્રતિબોધ પામ્યા. આ ચિત્રવિચિત્ર પક્ષી એટલે મહાવીર ભાવિમાં અનેકરંગી અનેકાન્તવાદ ઉપદેશશે તેનું સૂચન કરે છે એમ કેટલાક વિદ્વાનો માને છે.

આ સપ્તભંગી નયને स्याद्‌वाद પણ કહે છે. स्याद्‌वाद શબ્દ स्यात् અને વાદ એમ બે પદોનો બનેલો છે. स्यात् એટલે અમુક અપેક્ષાએ, અમુક દૃષ્ટિકોણથી. સ્યાત્ એ અવ્યય છે જે 'અનેકાન્ત' અર્થ સૂચવે છે. એ પરથી स्याद्‌वाद એટલે अनेकान्तवाद. अनेक – અનેક अन्तः – ધર્મ (ગુણ), બાજુ, દૃષ્ટિ. આચાર્ય શ્રી અમૃતચંદ્રસૂરિ સમયપ્રાભૃત શાસ્ત્રની ટીકામાં અનેકાન્તની આવી વ્યાખ્યા આપે છે: **तत्र यदेव तत् तदेवोतत् यदेवैकं तदेवनिकं यदेव सत् तदेवासत् यदेवं नित्यं तदेवानित्यमित्यके वस्तुनि वस्तुत्वनिष्पादक परस्परविरुद्धशक्तिद्वयप्रकाशनमनेकान्तः** ।। દા. ત. એકજ વ્યક્તિ પિતા અને પુત્ર બન્ને હોઈ શકે છે. બીજું ઉદાહરણ – એકજ વસ્તુ દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે; પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે.

અનેકાન્તવાદનો વિચાર આગમગ્રંથોમાં જોવા મળે છે. જ્ઞાતાધર્મકથા અને ભગવતીસૂત્રમાં એકજ વસ્તુને દ્રવ્યદૃષ્ટિએ એક, જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ અનેક, કોઇ અપેક્ષાએ તેનું અસ્તિત્વ, કોઈ અપેક્ષાએ તેનું નાસ્તિત્વ અને કોઈ અપેક્ષાએ વસ્તુને અવક્તવ્ય કહી છે:—

**आया भंते ! रयणप्पभा पुढवी अन्ना रयणप्पभा पुढवी ?**
**गोयमा, रयणप्पभा सिय आया सिय नो आया,**
**सिय अवत्तव्वं आया तिय नो आया तिय** ।। ભગવતી. ૧૨–૧૦.

શરૂમાં સ્યાદ્‌વાદ વિભજ્યવાદ તરીકે જોવા મળે છે. વિભજ્યવાદનો મૂળ આધાર, વિભાગ કરીને ઉત્તર આપવાની તેની પદ્ધતિ છે. બે વિરોધી વાતોનો એક સામાન્યમાં સ્વીકાર કરીને, તે એકના વિભાગ કરી બે વિભાગોમાં બે વિરોધી ધર્મોને સંગત બતાવવા એ વિભજ્યવાદની પ્રક્રિયા છે. બન્ને વિરોધી ધર્મો એક કાળમાં એક વ્યક્તિના નહીં બલ્કે ભિન્ન વ્યક્તિઓના હોય છે. દા. ત. ભગવતી સૂત્ર ૧૨.૨.૪૪૩ માં જયંતિ મહાવીરને પૂછે છે: જયંતિ:– ભગવાન, સૂવું સારું કે જાગવું? મહાવીર:– જયંતિ, કેટલાક જીવોનું સૂવું સારું; કેટલાકનું જાગવું. જયંતિ:– તેનું શું કારણ? મહાવીર:– જે જીવ અધર્મી છે તેમનું સૂવું સારું કેમકે તે અનેકોને પીડા નહીં દે. જે ધાર્મિક છે તેમનું જાગવું સારું કેમકે તે અનેકોને શાન્તિ આપશે.

પરંતુ મહાવીરે વિભજ્યવાદનું ક્ષેત્ર વ્યાપક કરીને આગળ જતાં વિરોધી ધર્મોને એકજ કાળમાં અને એકજ વ્યક્તિમાં પણ અપેક્ષાભેદે ઘટાવ્યા તેથી વિભજ્યવાદ અનેકાન્તવાદના સ્વરૂપે પલટાઈને પ્રતિષ્ઠા પામ્યો. અનેકાન્તવાદને વિભજ્યવાદ કહી શકાય. પરંતુ વિભજ્યવાદ એ જ અનેકાન્તવાદ એમ ન કહી શકાય. **बौध्ध मज्झिमनिकाय** (સૂક્ત–૯૯) માં ભગવાન બુધ્ધે માનેલા વિભજ્યવાદનું ઉદાહરણ છે:– માણવક:– મેં સાંભળ્યું છે કે ગૃહસ્થ જ આરાધક હોય છે; પ્રવ્રજિત આધારક નથી હોતો; આપનો શું ખ્યાલ છે? બુદ્ધ:– હે માણવક, હું અહીંયાં વિભજ્ય વાદી છું; એકાંશવાદી નહીં.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે આ પ્રશ્નનો જવાબ બુધ્ધે એકાંશી 'હાં' કે 'ના' માં ન આપતા, અપેક્ષાથી આપ્યો. બુદ્ધ વિભજ્યવાદ માન્યો તો ખરો પરંતુ તે મર્યાદિત ક્ષેત્રમાં રહ્યો, જ્યારે મહાવીરે તેનો વ્યાપક ક્ષેત્રમાં ઉપયોગ કર્યો. આથી મહાવીર અનેકાન્તવાદના પુરસ્કર્તા બની રહ્યા જ્યારે બુદ્ધ વિભજ્યવાદથી આગળ વધ્યા નહીં. મહાવીરે જે અનેકાન્તવાદની પ્રરૂપણા કરી તેના મૂળમાં તત્કાલીન દાર્શનિકોમાં બુદ્ધના નિષેધાત્મક દૃષ્ટિકોણનું અગત્યનું સ્થાન છે. સ્યાદ્‌વાદના ભંગોની રચનામાં સંજયબેલટ્ઠીપુત્તના વિક્ષેપવાદની પણ મદદ લેવાઈ હોય એવો સંભવ છે. પરંતુ બુધ્ધે તત્કાલીન નાનાવાદોથી અલિપ્ત રહેવા જે વલણ લીધેલું તેમાં અનેકાન્તવાદનાં બીજ છે. એ સ્પષ્ટ છે કે બુદ્ધ બે વિરોધી વાદોને જોઈને તેનાથી બચવા પોતાનો ત્રીજો માર્ગ અવ્યાકૃત એટલે કે તેના અસ્વીકાર માત્રમાં મર્યાદિત કરે છે જ્યારે મહાવીર તે બન્ને વિરોધી વાદોનો સમન્વય કરીને તેના સ્વીકારમાં જ તે પોતાના અનોખા અનેકાન્તવાદની પ્રતિષ્ઠા કરે છે. બુદ્ધના અવ્યાકૃતનું ઉદાહરણ જોઈએ. બુદ્ધને પ્રશ્ન પૂછાય છે કે જીવ નિત્ય છે? અનિત્ય છે? જવાબમાં બુદ્ધ 'હા' કહે તો શાશ્વતવાદમાં માનવા સમાન થાય તેથી બુધ્ધે કહ્યું કે એ બન્ને વાદ યોગ્ય નથી, એ પ્રશ્નો અવ્યાકૃત છે; તેનો ઉત્તર મેં કાંઈ નથી આપ્યો તેમ માનો. ઉપનિષદનાં 'નેતિ નેતિ' જેવો આ જવાબ ગણાય. બુદ્ધને તે કાળના વાદોમાં દોષ જણાયા તેથી તેમનો અસ્વીકાર એ તેમનું ધ્યેય બન્યું. મહાવીરે અન્ય વાદોના ગુણદોષ બન્ને જોઈને, જે વાદમાં જેટલું સત્ય હતું તેટલું સ્વીકારીને, તે તે વાદની તે તે દૃષ્ટિને ધ્યાનમાં લઈને તેનો સ્વીકાર કર્યો. અને પોતાની આ આગવી દૃષ્ટિને નયવાદના રૂપમાં દાર્શનિકો સામે રાખી, અને એ રીતે નયવાદ અનેકાન્તવાદનો મૂલાધાર બની ગયો.

ભગવાન બુધ્ધે પ્રશ્નોના અવ્યાકૃત જવાબો આપ્યા તેનું કારણ તેમને તે કાળ માટે, આત્મોન્નતિની દૃષ્ટિએ તેવી ચર્ચા નિરર્થક લાગેલી તે હતું; તેમનામાં સમન્વયદૃષ્ટિના અભાવનું કારણ ન હતું કેમકે બુધ્ધની સમન્વયશીલતાનું ઉદાહરણ મળે છે. સિંહ સેનાપતિ બુધ્ધને પૂછે છે:– કેટલાક લોક આપને (અનાત્મવાદી હોવાથી) અક્રિયાવાદી કહે છે તો તે બરાબર છે? બુધ્ધ:– સાચી વાત છે કે હું અકુશલ સંસ્કારની અક્રિયાનો ઉપદેશ આપું છું તેથી અક્રિયાવાદી છું, તેમજ કુશલ સંસ્કારની ક્રિયા મને પ્રિય છે અને તેનો ઉપદેશ હું આપું છું તે માટે હું ક્રિયાવાદી પણ છું જ."–આમાં બુધ્ધનો સમન્વય સ્વભાવ અનેકાન્તવાદ સ્પષ્ટ જણાય છે. બુધ્ધે આવી પ્રજ્ઞાનો પરિચય અન્યત્ર પણ આપ્યો હોત તો તે અનેકાન્તવાદના ઉપદેશક બનત પરંતુ તે કાર્ય મહાવીરની શાન્ત, સ્થિર પ્રજ્ઞાથી થવાનું હશે તેથી બુધ્ધ ચાર આર્યસત્યો રજુ કરવામાં જ સંતુષ્ટ રહ્યા.

અનેકાન્તવાદનાં બીજ હિન્દુધર્મમાં પણ મળી આવે છે. ઋગ્વેદના ઋષિ કહે છે કે તે કાળે સત્ પણ ન હતું, અસત્ પણ ન હતું. नासदासीन्नसदासीत्तदानीम् ઋગ્વેદ ૧૦–૧૨૯–૧. ઇશાવાસ્ય, કઠ, પ્રશ્ન, શ્વેતાશ્વેતર આદિ અતિ પ્રાચીન ઉપનિષદોમાં પણ ભિન્ન ભિન્ન વિરોધી અપેક્ષાઓથી બ્રહ્મનું વર્ણન મળી આવે છે. तदेजति तन्नैजति तद्दूरे तदन्तिके ।-- इशो. ५ अणोरणीयान् महतो महीयान् कठ. २-२० ।। सदसच्चामृतं च यत् ।। પ્રશ્ન ૨–૫. વેદાન્તનો અનિર્વચનીયવાદ, કુમારિલનો સાપેક્ષવાદ, બુધ્ધનો મધ્યમમાર્ગ વ સિધ્ધાંતો સ્યાદ્વાદના સિધ્ધાંતને મળતા આવે છે. સ્યાદ્વાદના તુલના પાશ્ચાત્ય સાપેક્ષવાદ (Theory of relativity) સાથે પણ કરાય છે, સ્યાદવાદને વસ્તુવાદી સાપેક્ષવાદ કહી શકાય. ગ્રીક દાર્શનિક પિરો (Pyrrho) ના સંશયવાદ સાથે પણ સ્યાદ્વાદની તુલના કરાય છે. કેમકે પિરો પણ વાક્યોની પૂર્વે स्यात् - કદાચ - May be મૂકવાનું અવશ્યક સમજે છે પરંતુ જૈનોનો સ્યાદ્‌વાદ આવો સંશયવાદ (Seepticis) છે જ નહીં. જર્મનીનો વિખ્યાત તત્ત્વવેત્તા હેગેલ (Hegal) સ્યાદ્‌વાદના જેવી વિચારણા રજૂ કરે છે:–

Reality is now this, now that, in this sense it is full of negations, contradictions and oppositions: The Plant germinates, bloom, witness and dies; man is young mature and old. To do a thing justice, we must tell the whole truth about it. Predicate all those contradictions of it, and show how then are reconciled and preserved in the articulated whole which we call the life of the thing.

માનસશાસ્ત્રના વિદ્વાન પ્રો. વિલિયમ જેમ્સ તેમના Principles of Psychology નામના ગ્રંથમાં લખે છે કે આપણી અનેક દુનિયા છે; સાધારણ માણસને આ બધી દુનિયાઓનું એકબીજાથી અસંબદ્ધ અને અનપેક્ષિતરૂપમાં જ્ઞાન થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાચો તત્ત્વવેત્તા તો એ જ કહેવાય કે જે આ બધી દુનિયાઓને એક બીજાથી સંબદ્ધ અને અપેક્ષિત રૂપે જાણે છે.

આવી રીતે ભારતીય દર્શનોમાં અને પાશ્ચાત્ય દર્શનોમાં સ્યાદ્વાદ મળતી વિચારશ્રેણી મળી આવે છે, તો તેનો વિરોધ પણ સારી રીતે જોવા મળે છે. સ્યાદ્વાદના સિદ્ધાંતની વસુબંધુ, દિંગનાગ, ધર્મકીર્તિ, બૌદ્ધો તથા શંકર જેવા અદ્વૈત વેદાંતીઓએ બહુ કડક ટીકા કરી છે. તેઓએ સ્યાત્ એટલે 'કદાચ' એવો લૌકિક અર્થ લઈને સ્યાદ્વાદના સિદ્ધાંતને વદતોવ્યાઘાત કહ્યો છે. ધર્મકીર્તિ કહે છે કે સ્યાદ્વાદ મિથ્યા પ્રલાપ છે. શંકરાચાર્યના મતે પણ સ્યાદ્વાદ એ કોઇ દીવાના માણસનો પ્રલાપ છે. રામાનુજ પણ કહે છે કે બે પૂર્ણ વિરોધી ગુણો સત્ અને અસત્ એ તો પ્રકાશ અને અંધકાર માફક વિરોધી હોઇને, એક જ વસ્તુને વિષે સંભવી શકે નહીં. તટસ્થવૃત્તિથી જોઇએ તો સ્યાદ્વાદ એમ કહેતો જ નથી કે બે પૂર્ણ વિરોધી ગુણો એક જ અપેક્ષાએ એકી સાથે એક જ વસ્તુને લગાડી શકાય છે. જૈનોની અનેકાન્તવાદી દૃષ્ટિનો અર્થ એટલો જ છે કે સત્ તત્ત્વ અનંત ગુણ ધરાવે છે અને તેને વિવિધ દૃષ્ટિબિંદુથી તપાસી શકાય, જેમકે દ્રવ્યની દૃષ્ટિએ સત્ નિત્ય તેમજ અખંડ છે. પરંતુ પર્યાય દૃષ્ટિએ તે અનિત્ય અને ખંડ રૂપે છે. અંતમાં આ દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરતું સ્યાદ્વાદની ઉપયોગિતા સમજાવતું પ્રો૦ શ્રી આનંદશંકરભાઈ ધ્રુવનું વિધાન જોઇએ : "સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રગટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ આપણી સમક્ષ એકીકરણનું દૃષ્ટિબિંદુ ઉપસ્થિત કરે છે. વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વિના કોઇ વસ્તુ પૂરી સમજવામાં આવી શકે નહીં. આ માટે સ્યાદ્વાદનો સિધ્ધાંત ઉપયોગી તેમજ સાર્થક છે. સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે તે હું માનતો નથી. સ્યાદ્વાદ સંશયવાદ નથી કિન્તુ વસ્તુદર્શનની વ્યાપક કળા તે આપણને શીખવે છે.

☆

# નારી પ્રત્યેનો ભારતીય દૃષ્ટિકોણ

સાધ્વી ચન્દના, દર્શનાચાર્ય—વીરાયતન

નારીના સંબંધમાં ભારતીય સાહિત્યમાં જ નહિ, સમગ્ર વિશ્વના સાહિત્યમાં તેના જીવન વિષે વિવિધ પાસાંઓ ચિત્રરૂપે વખતોવખત પુરુષોની કલમે અંકિત થતા રહ્યાં છે. પુરુષોએ નારીના જીવનનું જે ચિત્રણ કર્યું છે તે પોતાના દૃષ્ટિકોણથી કર્યું છે. પોતાની કલ્પનાઓના આધારે જ તેણે નારીના જીવનને બહુમુખી આયામોથી જોયું અને પારખ્યું છે. કેટલીક નારીઓએ પણ પોતાની કલમે પોતાના જીવનચિત્રોનું અંકન કર્યું છે. આ જોતાં પુરુષલેખકોએ ન્યાય ઓછો અને અન્યાય વધારે કર્યો છે. કોઇક જગ્યાએ નારીને પુરુષોએ નરકની ખાણ અને નરકનું દ્વાર કહેલ છે તો કયાંક તેને સ્વર્ગના આગળીયા સમાન પણ કહી છે. કોઈ જગ્યાએ નારીજીવનની પ્રશંસા પણ કરી છે તો કોઈ જગ્યાએ નિંદા પણ કરી છે. જીવન એ જીવન જ છે તે પોતે પોતાનામાં ભદ્ર પણ નથી કે અભદ્ર પણ નથી. તેને જે દૃષ્ટિકોણથી જોવામાં આવે, જીવનનો આભાસ તેવો થવા માંડે છે. નિર્બળતા અને સબળતા જો માનસિક વૃત્તિજ છે તો તે જેવી રીતે નારીમાં હોઇ શકે છે તેવી પુરુષમાં કેમ ન હોઇ શકે?

વેદની રચનામાં અન્તર હોવા છતાં માનસિક રચનામાં નારીજીવન અને નરજીવનમાં કોઇપણ પ્રકારની ભેદરેખાની સીમા બતાવી શકાય તેમ નથી. આલોચકો કહેતા હોય છે કે નારીનું મન બહુ નિર્બળ હોય છે, પરન્તુ ઈતિહાસના કેટલાક સોનેરી પાનાં એવા પણ ઉપલબ્ધ થાય છે કે જ્યાં નારીમનની અપેક્ષાએ નરનું માનસ વધારે દુર્બલ નજરે પડે છે. રામાયણકાળની સુમિત્રા પોતાના પ્રિય પુત્ર લક્ષ્મણને રામની સાથે વિકટ વનમાં જવાની આજ્ઞા સાહસપૂર્વક આપી દે છે, સીતા પણ રામે ના પાડવા છતાં તેમની સાથે ભયંકર વનના દુ:ખમય જીવનને સહર્ષ સ્વીકારવા તૈયાર થાય છે. લક્ષ્મણની પત્ની ઊર્મિલાનો ત્યાગ સુમિત્રા અને સીતાની અપેક્ષાએ અધિક ઉજ્જવળ અને અધિક પ્રભાવી થઇને અંકિત થયો છે. સીતાને રામની સાથે વનમાં રહી શારીરિક કષ્ટો જ સહન કરવા પડે છે, પરંતુ ઊર્મિલા તો રાજમહેલમાં રહીને પણ પતિના દારુણ વિયોગને દીર્ઘકાળ સુધી સહન કરે છે તથા સંપૂર્ણ સગવડતાઓની વચ્ચે રહીને પણ અગવડતાને સ્વીકારી પૂજ્યજનોની સેવામાં સમર્પિત થઈ જાય છે. ઊર્મિલાનો ત્યાગ રામ, સીતા અને લક્ષ્મણના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org